## સુરતમાં 42 ફૂટની મૂર્તિ જોવા હજારો ભક્તો ઊમટી પડ્યા



■ સુરત શહેરમાં હવે શ્રીકૃષ્ણની પ્રતિમાંની સ્થાપનાનો ટ્રેન્ડ વધી રહ્યો છે ત્યારે આજે શનિવારે કોટસફિલ રોડ ઉપર 42 ફૂટની મૂર્તિનું આગમન થયું હતું. **(તસવીર : હેમંત ડેરે)**

# ક્રેનવાળાઓએ પીળી પટ્ટીમાં પાર્ક કરેલી બાઈક ઉપાડી લીધી!

**વિવાદ** વકરતાં આખરે દંડ લીધા વિના વાહનો છોડવા પડ્યાં

સુરતઃ કતારગામની પટેલ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતે નો પાર્કિંગમાં વાહન ટોઈંગ કરતી ક્રેનનો ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. બનેલી આ ઘટનાના વાઈરલ વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, એક ટુ-વ્હીલર ટ્રાફિકના નિયમ મુજબ પીળી પટ્ટીની અંદર જ પાર્ક થયેલું હતું. રિજિયન 2ના ક્રેનના મજૂરે તેને ખેંચીને પહેલા બહાર કાઢ્યું હતું અને ત્યારબાદ તેને ખેંચીને લઈ ગયો હતો. આ વીડિયો વાયરલ થતાં એસીપી વી.પી.ગામીતે જણાવ્યું હતું કે, ફરિયાદ થતા ક્રેન મોકલવામાં આવી હતી. જો કે ફરિયાદી અને બાઈકના માલિકો વચ્ચે સમાધાન થતાં દંડ વસૂલ્યા વગર બંને બાઈક છોડી દીધી હતી.



# ભાઠાના કિશોરની ચપ્પુના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ

**જૂની** અદાવતમાં પેટ, પાંસળી અને કાન પાસે ચપ્પુ મારનાર વિનયની શોધખોળ

સુરતઃ ચોર્યાસી તાલુકાના ભાઠાગામ વિસ્તારમાં જૂની અદાવતમાં ૧૬ વર્ષના કિશોરને ચપ્પુના ઘા ઝીંકી દીધા હતાં. આ બનાવની ફરિયાદ થતાં ઈચ્છાપોર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

ભાઠાગામ ખાતે સ્ટેટ બેંકની સામે બોમ્બે કોલોનીમાં રહેતા આનંદભાઈ નટુભાઈ રાઠોડ (ઉ.વ. ૩૮) હાલ બેકાર છે અને તેમની પત્ની મજૂરી કામ કરી ઘર ચલાવે છે. ગત મોડી રાત્રે આશરે સાડા બારેક વાગ્યે તેઓ ઘરે સૂતા હતા, ત્યારે મહોલ્લામાં રહેતા રાજ રાઠોડે ઉઠાડી તેમના દીકરા વિનયને તુષારે ચપ્પુ માર્યું હોવાનું કહેતા તેઓ ત્યાં પહોંચ્યા હતા ત્યારે ત્યાં ટોળુ જમા થઈ ગયું હતું અને તેમનો દીકરો લોહીલુહાણ હાલતમાં પડ્યો હતો જેથી તેને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ભાનમાં આવ્યા પછી તેણે પિતાને કહ્યું હતું કે રાત્રે તે મિત્રો સાગર, રોહન અને કરણ સાથે ઘરની સામે ઊભો હતો. તે જ સમયે તુષાર ભીખુભાઈ રાઠોડે તેને ફોન કરીને નાયરા પેટ્રોલ પંપ પાસે બોલાવ્યો હતો.

ત્યાંથી ચીકુવાડી નજીક એકાંતમાં લઈ જઈ માર મારી તેના પેટમાં, પાંસળીના ભાગે અને ડાબા કાનની બાજુમાં ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. વિનયના મિત્રોએ વચ્ચે પડીને તેને વધુ માર ખાતા બચાવ્યો હતો અને હુમલાખોર તુષાર ત્યાંથી ભાગી છૂટ્યો હતો. હાલમાં ઈચ્છાપોર પોલીસે પિતાની ફરિયાદના આધારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોબાઇલ સ્નેચિંગ કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

સુરતઃ મોબાઇલ સ્નેચિંગના કેસમાં આરોપી મોહમ્મદ કૈફ ઉર્ફે અરબાઝ જહાંગીર અહેમદ ખાનને દોષિત ઠેરવી સેશન્સ કોર્ટે ૧૦ વર્ષની કેદની સજા અને ૨૫ હજારનો દંડ ફટકાર્યો હતો. ફરિયાદી આશિષ ધામેલિયા પોતાની બાઈક પર તા.૨ ડિસેમ્બર-૨૦૨૧ના રોજ સીતાનગર ચોકડીથી બુટભવાની તરફ જતા બ્રિજ પરથી પસાર થતા હતા. ત્યારે બાઈક પર આવેલો આરોપી મોબાઈલ ફોનની ચીલઝડપ કરી ગયો હતો. આ બનાવની ફરિયાદ પુણા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. પોલીસે આ કેસમાં ઉન પાટિયાના આરોપી મોહમ્મદ કૈફ ઉર્ફે અરબાઝની ડીસીબીએ ધરપકડ કરી હતી. પુણા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ કે.ડી.ખેરનાર કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

## છ લાખના ચેક બાઉન્સ કેસમાં આરોપીને એક વર્ષની જેલ

સુરતઃ ચેક બાઉન્સના કેસમાં ચીખલીનાં આરોપી વિનોદ પટેલને દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા કોર્ટે ફટકારી હતી. શ્રીરામ ફાઇનાન્સ લિમિટેડે આરોપી વિનોદ પટેલને વાહન લોન આપી હતી. બાકી લોનની આંશિક ચૂકવણી માટે આરોપીએ ૬ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફાઇનાન્સ કંપનીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. એડવોકેટ વનેશ્રી ભગતવાલાએ ફરિયાદ પક્ષે કોર્ટમાં દલીલો કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદ તથા ચેકની રકમ પર ૬ ટકા વ્યાજ સાથે ૩૦ દિવસમાં ચૂકવવાનો આદેશ કર્યો હતો. ચુકાદા સમયે આરોપી હાજર ન હોવાથી તેની ધરપકડ માટે વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું.

# એક સપ્તાહમાં ડી-સિલ્ટિંગ કામગીરી પૂર્ણ કરવા આદેશ

**તમામ** ગટર અને વરસાદી ગટર લાઈનો સાફ કરી આગામી બેઠકમાં રિપોર્ટ રજૂ કરવા સૂચના

સુરતઃ સુરત શહેરમાં તાજેતરમાં આવેલા ખાડીપૂર દરમિયાન અનેક વિસ્તારોમાં ભરાયેલા વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે મનપા દ્વારા વિવિધ સ્થળોએ ગટર અને વરસાદી ગટરના ઢાંકણાં ખોલવામાં આવ્યા હતા. જેના કારણે પાણી સાથે મોટી માત્રામાં કચરો, કાદવ અને કિચડ ગટર લાઈનમાં પહોંચી જતાં હવે શહેરના વિવિધ વિસ્તારોમાં ગટર ચોક થવાની ફરિયાદોમાં વધારો થયો છે.

આ મુદ્દો શનિવારે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં ઉઠતા શાસકોએ ડ્રેનેજ વિભાગના અધિકારીઓને તાત્કાલિક બોલાવ્યા હતા.

બેઠક દરમિયાન અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે શહેરની તમામ ગટર લાઈનો તેમજ વરસાદી ગટર લાઈનોનું યુદ્ધના ધોરણે ડી-સિલ્ટિંગ હાથ ધરવામાં આવે. સ્થાયી સમિતિએ એક સપ્તાહની સમયમર્યાદા નક્કી કરીને આગામી બેઠક પહેલાં સમગ્ર કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું છે. સાથે જ શહેરમાં ક્યાં-ક્યાં ડી-સિલ્ટિંગ કરવામાં આવ્યું, કેટલા કિલોમીટર લાઈનની સફાઈ થઈ અને કેટલો કચરો તથા સિલ્ટ દૂર કરવામાં આવ્યો તેની વિગતવાર માહિતી સાથેનો અહેવાલ આગામી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

# ખાડીપૂરના અસરગ્રસ્ત 3.54 લાખ મિલકતોને વેરામાં રાહત

**147** કરોડના વેરા માફી પેકેજને સ્થાયીમાં મંજૂરી

**શિક્ષણ** ઉપકર અને યુઝર ચાર્જમાં પણ રાહત

સુરતઃ સુરત શહેરમાં તાજેતરના ખાડીપૂરથી અસરગ્રસ્ત મિલકતધારકોને મોટી રાહત આપતાં સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ વિશેષ વેરા માફી યોજનાને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ કુલ 147 કરોડ રૂપિયાના વેરાની માફી આપવામાં આવશે. યોજનાનો લાભ શહેરની 3,54,600 અસરગ્રસ્ત મિલકતોને મળશે.

મળતી વિગતો મુજબ રહેણાંક વિસ્તારમાં આવેલી 3,04,100 મિલકતોને લાભ મળશે. આ મિલકતો માટે તમામ પ્રકારના વેરાની માફી આપવામાં આવશે. આ કેટેગરીમાં અંદાજે 113 કરોડ રૂપિયાની રાહત આપવામાં આવશે, જ્યારે શિક્ષણ ઉપકર સહિતની વેરા માફીની રકમ 73 કરોડ રૂપિયા જેટલી થશે. ઉપરાંત 50,500 બિનરહેણાક મિલકતોને પણ રાહત આપવામાં આવશે. આ મિલકતો માટે કરન્ટ બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરના વેરા માફ કરવામાં આવશે. આ કેટેગરીમાં અંદાજે 99.10 કરોડ રૂપિયાનો વિસ્તાર આવરી લેવાયો છે.

### ઝોનવાઇઝ અસરગ્રસ્ત મિલકતો

| ઝોનનું નામ | એપાર્ટમેન્ટ બિલ્ડિંગોની સંખ્યા |
|---|---|
| પશ્ચિમ ઝોન | ૦ |
| સેન્ટ્રલ ઝોન | ૩૭ |
| ઉત્તર ઝોન | ૪૩૬ |
| પૂર્વ ઝોન - A | ૨૦૯ |
| દક્ષિણ ઝોન - A | ૭૭ |
| દક્ષિણ-પશ્ચિમ ઝોન | ૩૩ |
| દક્ષિણ-પૂર્વ ઝોન | ૩૯૬ |
| પૂર્વ ઝોન - B | ૪૧ |
| દક્ષિણ ઝોન - B | ૯૯ |
| કુલ | ૧૩૨૮ |

### બેઝમેન્ટ અને ગ્રાઉન્ડફ્લોરને માફી મળશે

» શિક્ષણ ઉપકર સહિત 74 કરોડની વેરા માફી
» 3,54,600 મિલકતને ખાડીપૂરમાં અસર થઇ
» અસરગ્રસ્તોને કુલ વેરા માફી રૂ.147 કરોડ મળશે

## હાઈટેન્શન લાઇનની ઝપેટમાં આવતા કન્ટેનર ચાલકનું મોત

સુરતઃ મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ હજીરા કવાસ પાટિયા સ્થિત દામકા પાર્કિંગમાં રહેતા 37 વર્ષીય કિશનલાલ રામપ્રયાગ બિંદ હજીરાની ખાનગી કંપનીમાં કન્ટેનર ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા હતા. તે કાપડના રો-મટિરિયલનો જથ્થો લઈને અમરોલીની અંજની ઇન્ડસ્ટ્રીઝ વિભાગ-2માં ડિલિવરી માટે પહોંચ્યા હતા. માલ ઉતારવાની પ્રક્રિયા દરમિયાન કન્ટેનરનો દરવાજો ખોલતાં તે ઉપરથી પસાર થતી હાઈટેન્શન વીજલાઇનને અડક્યો હતો. પરિણામે કિશનલાલને જોરદાર વીજ કરંટ લાગતા તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# રિક્ષામાં મુસાફરોને લૂંટતી ટોળકીને ઝડપી લેવાઈ

**હીરાના** કારીગરને રિક્ષામાં બેસાડી રૂ. ૧૫,૦૦૦ લૂંટી લીધા હતા

**કુલ** ત્રણ ગુનાના ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી

સુરતઃ વરાછાના સવાણી વિસ્તારમાં હીરા મજુરી કામ કરતા અને મૂળ ઉત્તરપ્રદેશના વતની અર્જુન ટિલ્ક નિષાદ ગત તા. ૧૨/૦૭/૨૦૨૬ના રોજ સવારે વસંતભીખાની વાડી સર્કલ પાસે રિક્ષાની રાહ જોઈ ઉભા હતા. તે સમયે એક ઓટોરિક્ષામાં ત્રણ પેસેન્જર બેસાડીને આવેલા ચાલકે તેમને બોમ્બે માર્કેટ જવાનું કહી રિક્ષામાં વચ્ચેની સીટ પર બેસાડ્યા હતા. તેમણે શ્રમિક પાસેથી રોકડા રૂ. ૧૫,૦૦૦/- ની લૂંટ ચલાવી રિક્ષામાંથી ધક્કો મારી ભાગી છૂટ્યા હતા. જેની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરુ કરી હતી. આ ગુનામાં પોલીસે સૌપ્રથમ મુખ્ય આરોપી ઇમરાન ઉર્ફે વાંકો ઉર્ફે બીડી આમીન જમાદાર (ઉ.વ.૪૮, રહે. કઠોરગામ, કામરેજ)ની ઓળખ કરી તેને ઝડપી લીધો હતો. તેની પૂછપરછના આધારે લૂંટમાં સામેલ અન્ય બે આરોપીઓ સોહેલ ઉર્ફે દુખીયારો ઐયુબ પઠાણ (ઉ.વ.૨૦, રહે. કોસાડ આવાસ, અમરોલી) અને મોહંમદ માહીર મોહંમદ મહેબુબ ઘાંચી (ઉ.વ.૨૨, રહે. કોસાડ આવાસ, અમરોલી)ને પણ પકડી લીધા હતા લીધા હતા. આ ટોળકી ઝડપાતા વરાછા પોલીસ મથકના લૂંટ અને ચોરીના બે અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલવામાં પોલીસને મોટી સફળતા મળી છે.

# ખ્વાજાના ઉર્સમાં લારી માટે રૂ. ૨,૦૦૦ની ખંડણી

**બડેખાં** ચકલામાં રહેતા ચાર આરોપી સામે ગુનો દાખલ

સુરતઃ વરીયાળી બજારમાં અલ્લારખા ચાંદ શેખે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૭ થી ૧૯ જુલાઈ સુધી ખ્વાજા દાના દરગાહનો ઉર્સ હોવાથી તેઓ ૧૬ જુલાઈના રોજ દરગાહ પાસે રોડ પર ખાલી જગ્યામાં પોતાની લારી લઈને ગયા હતા.૧૭મી જુલાઈના રોજ બપોરે ચાર વાગ્યે અલ્લારખા પોતાની લારી પર હાજર હતા, ત્યારે સાંજે છ વાગ્યાના અરસામાં બડેખા ચકલા વિસ્તારના જાણીતા ચાર શખ્સો સાજીદઅલી સૈયદ, જુબેર અલી સૈયદ, સલીમ ઉર્ફે બીડી શેખ અને વાજીદ અલી સૈયદ ત્યાં ધસી આવ્યા હતા.

આ ચારેય જણાએ અલ્લારખાને ધમકાવતા કહ્યું કે, 'જો તારે અહીંયા લારી ઊભી રાખવી હોય તો અમને ચારેયને ૫૦૦-૫૦૦ રૂપિયા આપવા પડશે.' વેપારી અલ્લારખાએ દર વર્ષે મફતમાં લારી લગાવતા હોવાનું કહી રૂપિયા આપવાની ના પાડતા આરોપી સાજીદઅલી સૈયદે અલ્લારખાંની છાતી પર ચાકુ મૂકી દીધું હતું અને ધમકી આપી હતી કે, "જો રૂપિયા નહીં આપે તો ચપ્પુ તારી આરપાર કરી તને જાનથી પતાવી દેતા વાર નહીં લાગે.' જેથી ગભરાયેલા લારીવાળાએ ૨,૦૦૦ રૂપિયા આપી દીધા હતા. આ ટોળકી ત્યાંથી આગળ વધી દરગાહ નજીકની અન્ય લારીઓ પર પણ આ જ રીતે ધમકાવીને ઉઘરાણી કરવા લાગી હતી.

જેથી આ ચારેય સામે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

## સુરતની લોક અદાલતમાં ચેક રિટર્નના 426 કેસનો નિકાલ

સુરતઃ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ન્યાયાધિશ રાહુલ એ. ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ સુરત જિલ્લા તેમજ તાલુકાની અદાલતોમાં શનિવારે એન.આઈ.એક્ટ 138ને લગતા કેસોની ખાસ લોક અદાલત અને કન્ટીન્યુઅસ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કન્ટીન્યુઅસ લોક અદાલતમાં મોટર વાહન અકસ્માતના કુલ-10 કેસો, ક્રીમીનલ અપીલ 5, મેટ્રીમોનીયલ 7 કેસો, અન્ય સિવીલ કેસો 13 મળી ને કુલ્લે 35 કેસનો નિકાલ થયો હતો. એમ.એ.સી.પી કેસો માં કુલ 96,43,000 એવોર્ડ કરવામાં આવ્યાં હતા. તેમજ ચેક બાઉન્સના કુલ-426 કેસોનો નિકાલ થયો હતો. આ લોક અદાલતમાં કુલ રૂપિયા 10,55,59,883 રીકવરી થઈ હતી.

# ગોપીપુરામાં લિફ્ટ ખોટકાતાં ત્રણ બાળકો ફસાઈ ગયા

**ફાયર** બ્રિગેડના જવાનોએ રેસ્ક્યુ કરીને ત્રણેયને સુરક્ષિત બહાર કાઢ્યા

સુરતઃ શહેરના ગોપીપુરા વિસ્તારમાં શુક્રવારે સાંજે બનેલી એક ઘટનાને પગલે ચિંતાનો માહોલ સર્જાયો હતો. એક એપાર્ટમેન્ટની લિફ્ટ અચાનક લોક થઈ જતાં તેમાં ત્રણ માસૂમ બાળકો ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયરની ટીમે બાળકોને બહાર કાઢ્યા હતા. ગોપીપુરા વિસ્તારમાં સુભાષ ચોક નજીક મણીભદ્ર એપાર્ટમેન્ટના બીજા માળે કોઈ ટેક્નિકલ કારણોસર લિફ્ટનો દરવાજો અચાનક જામ થઈને લોક થઈ ગયો હતો. લિફ્ટ જ્યારે બંધ પડી ત્યારે તેની અંદર ત્રણ બાળકો હતા. લિફ્ટ બંધ થઈ જતાં અને અંદર અંધારું થઈ જતા બાળકો ગભરાઈ ગયા હતા અને તેમણે રડવા સાથે બૂમાબૂમ કરવાનું શરૂ કર્યું હતું. બાળકોનો અવાજ સાંભળીને આસપાસના રહીશો તરત જ દોડી આવ્યા હતા અને લિફ્ટ ખોલવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ દરવાજો અંદરથી લોક થઈ ગયો હોવાથી સફળતા મળી ન હતી. જ્યારે લિફ્ટની અંદર ફસાયેલા બાળકો દિવ્યાંશ( ઉ.વ 4 ) જીવાંશ ( ઉ.વ. 9) અને મિલન ( ઉ.વ.10)ના માતા પિતા સહિત પરિવારજનો બહુજ ગભરાઈ ગયા હતા. ફાયરની ટીમે ઘટનાની ગંભીરતા અને માસૂમ બાળકોની સુરક્ષાને ધ્યાને રાખીને ટૂંકા ગાળામાં સમગ્ર રેસ્ક્યુ ઓપરેશન પાર પાડી દીધું હતું અને સ્પેશિયલ ટૂલ્સનો ઉપયોગ કરીને લિફ્ટનો દરવાજો ખોલી ત્રણેય બાળકોને હેમખેમ બહાર કાઢ્યા હતા.

# સારોલીમાં ખાડીનું પાણી મનપાના પ્લોટ પર ઠાલવ્યું

**એક** વર્ષ પહેલાં રજૂઆત છતાં કાર્યવાહી નહીં, ખાડીપૂર અટકાવવા દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલ

સુરતઃ સુરત શહેરમાં દર વર્ષે સર્જાતી ખાડીપૂરની સમસ્યા વચ્ચે સારોલી વિસ્તારમાં ખાડીનું પુરાણ કરીને તેને ડાયવર્ટ કરવામાં આવ્યાનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ખાડી પર થયેલાં દબાણો દૂર કરવા અંગે એક વર્ષ પહેલાં કલેક્ટર અને સુરત મહાનગર પાલિકાના કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી, છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી ન થતાં લોકોમાં રોષ ફેલાયો છે.

સારોલીના બ્લોક નં.122, 123, 124 અને 125માંથી પસાર થતી ખાડી સણિયા અને સારોલી ગામના વરસાદી પાણીના નિકાલનો મુખ્ય સ્ત્રોત છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ ખાડીનું પુરાણ કરીને તેનો પ્રવાહ બદલી દેવામાં આવ્યો છે અને તેને મનપાના પ્લોટ તરફ ડાયવર્ટ કરવામાં આવી છે. પરિણામે ભવિષ્યમાં વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ઊભો થવાની સાથે મનપાની મિલકતને પણ નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મુદ્દે ગત વર્ષે કોંગ્રેસના નેતા વિપુલ સુહાગિયાએ ઉચ્ચ સ્તરે રજૂઆત કરી હતી, પરંતુ ખાડી પર દબાણ કરનારાઓ સામે કોઈ કાયદેસરની કાર્યવાહી થઈ નથી. સ્થાનિકોનું કહેવું છે કે, શહેરમાં દર વર્ષે ખાડીપૂરથી હજારો લોકો અને વેપારીઓને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

**આજે વર્લ્ડ આઈસ્ક્રીમ ડે**

સુરતમાં ઠંડકની શરૂઆત બરફનાં કારખાનામાંથી શરૂઆત થઈ હતી

# સુરતમાં આઈસ્ક્રીમની 100 વર્ષ જૂની સફર

**1930નાં** દાયકામાં હોમ મેડ આઈસ્ક્રીમ અને કુલ્ફી બનતી હતી

**બ્રિટીશ** રાજમાં પારસી ડેરીઓનું મોટું યોગદાન હતું

સુરતઃ સમગ્ર વિશ્વમાં આજે 'વર્લ્ડ આઈસ્ક્રીમ ડે'ની ઉજણવી કરાશે ત્યારે આઈસ્ક્રીમ લવર્સોની દિવાનગી પણ એક અલગ જ પ્રકારની છે. હીરા અને ટેક્સટાઈલ માટે વિશ્વભરમાં ઓળખાતું સુરત શહેર ખાણી-પીણીની પરંપરાઓ માટે પણ એટલું જ જાણીતું છે. તેમાં પણ આઈસક્રીમ અને કુલ્ફી અને ફાલૂદાનો સ્વાદ સુરતની ઓળખનો અભિન્ન ભાગ બની ગયો છે.

### હેન્ડમેડ આઇસ્ક્રીમની પરંપરાને તાજમહલે જીવંત રાખી

તાજમહલ આઈસ્ક્રીમે સુરતમાં હેન્ડમેડ આઇસક્રીમની પરંપરાને જીવંત રાખવામાં યોગદાન આપ્યું છે. આજે તાજમહલ આઈસ્ક્રીમની પેઢીને સંભાળતા જોહરભાઈ ગુલામ હુશેન તાજમહેલે જણાવ્યું હતું કે, તેમની શરૂઆત વર્ષ 1912માં થઈ હતી, એક સદીથી વધુ સમય પછી પણ અહીં પરંપરાગત રીતથી તૈયાર થતી આઇસ્ક્રીમ માટે લોકો દૂર-દૂરથી આવે છે. તે સમયે બરફના કારખાનામાં બનતા બરફ અને હાથથી ફેરવાતા 'સાંચા'માં કુદરતી ફળો, દૂધ અને ખાંડથી આઇસ્ક્રીમ તૈયાર થતી.



### હજુરી આઈસ્ક્રીમનો વારસો આજે તેની ત્રીજી પેઢીનાં હાથમાં

શહેરમાં કુલ્ફી આઈસ્ક્રીમના સાથે બેવરેજીઝની અલગ ઓળખ ઊભી કરવામાં સફળ રહેલાં હજુરી આઈસ્ક્રીમની બ્રાન્ડની આજે તેની ત્રીજી પેઢી ચલાવી રહી છે. બ્રાન્ડની લેગસીને મેન્ટેન કરી આગળ વધારતા મુફદ્દલભાઈ હજુરી જણાવે છે કે, હજુરી બ્રાન્ડની સફર વર્ષ 1923માં થઈ હતી. આજે અમારી બ્રાન્ડ પેન ઈન્ડિયાથી આગળ વધીને ઓવરસિઝ થઈ છેક અમેરીકાનાં કેનેડા સુધી પહોંચી ગઈ છે. આજે સુરતમાં દરેક વિસ્તારોમાં તેમનાં આઉટલેટોમાં 35થી વધુ ફ્લેવરો ઉપલબ્ધ છે.

### બદરી અને કિશોર આઇસ્ક્રીમ પણ દાયકા જૂની બ્રાન્ડ

બદરી તથા કિશોર આઇસ્ક્રીમ પણ સુરતની દાયકાઓ જૂની બ્રાન્ડ છે. ચોક્કસ સ્થાપના વર્ષનો વિશ્વસનીય ઐતિહાસિક પુરાવો મળતો નથી, પરંતુ અનેક પેઢીઓથી આ બન્ને બ્રાન્ડ ફાલુદા, કોલ્ડ કોકો અને હેન્ડમેડ આઇસ્ક્રીમ માટે જાણીતી છે.

### કુલ્ફીની રાજધાની એટલે રાંદેર

રાંદેરને વર્ષોથી આ વિસ્તારને સુરતની 'કુલ્ફીની રાજધાની' તરીકે ઓળખવામાં આવે છે. કહેવાય છે કે બ્રિટિશ શાસનકાળ દરમિયાન રાંદેરના કેટલાક વેપારીઓ અને રહેવાસીઓ રોજગાર માટે બર્મા (હાલનું મ્યાનમાર) ગયા હતા. ત્યાં તેમણે દૂધ, માવો, સુકા મેવાં અને કુદરતી સુગંધિત સામગ્રીથી બનતી વિવિધ પ્રકારની કુલ્ફી બનાવવાની કળા શીખી હતી.

## ડિંડોલીમાં સિક્યુરિટી ગાર્ડે ઘરેલુ વિવાદ બાદ ફાંસો ખાધો

સુરતઃ સુરતના ડિંડોલી વિસ્તારમાં એક સિક્યુરિટી ગાર્ડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના વતની અને હાલ વૈદેહી હિલ્સમાં રહેતા ૪૯ વર્ષીય પંડિત શંભુભાઈ સાલવે સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. પ્રાથમિક માહિતી મુજબ, ઘટના પહેલાં તેમના ઘરમાં પત્ની સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ તેઓ બિલ્ડિંગના ૧૫મા માળે આવેલા ધાબા પર ગયા અને ત્યાં કેબલ વાયર વડે ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. મૃતકને ત્રણ પુત્રો છે. ડિંડોલી પોલીસ પ્રાથમિક તપાસમાં ઘરેલુ વિવાદ સહિત વિવિધ પાસાઓની તપાસ કરી રહી છે.